
# જે અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ



ગુરુપૂર્ણિમા એ ભારતમાં ઉજવવામાં આવેલો એક વિશેષ દિવસ છે. ગુરુ પૂર્ણિમા એક મહાન મુનિ વેદ વ્યાસ ના સન્માન માં ઉજ્જવમાં આવે છે. વેદ વ્યાસે મહાભારત અને ૧૮ પુરાણો લખ્યા હતા. આ દિવસ આપણા ગુરુ, શિક્ષક અથવા આધ્યાત્મિક ગુરુ અને તેમનું સન્માન કરવા માટે ઉજવવામાં આવે છે, ગુરુ પ્રત્ય અંદર અને આભાર માનવાનું દિવસ છે. જો આપણે આધ્યાત્મિક રીતે વિકસિત થવાનું ઈચ્છીએ તો આપણે સાચા આધ્યાત્મિક ગુરુ ના આદેશ નું



પાલન કરવું પડશે. દરેક યુગમાં, ઋષિ, મુનિ અને સંતો આવ્યા છે જે અમને અંદર પ્રવાસ પર લઇ જઈ શકે છે.સંતો અમને આધ્યાત્મિકતાની ભેટ આપે છે. સંત રાજીન્દર સિંહજી મહારાજ સમઝાવે છે કે એક ગુરુ વિના આપણે જીવનમાં અંધકાર થી રહીશું, ગુરુ એટલે "એક જે અંધકાર માંથી પ્રકાશ માં સાધકોને લઇ જાયે છે. ગુરુની ભૂમિકા માત્ર સાધકોને જ્ઞાન આપવાની નથી, પણ આપણા અંદરની ચમકતી ભગવાનની જીવંત, તેજસ્વી પ્રકાશ સાથે જોડાવા માટે પણ મદદ કરવા માટે છે. તેઓ અમારી આંતરિક આંખ ખોલે છે. તે આંતરિક પ્રકાશને જોવા અને આપણી આધ્યાત્મિક યાત્રા શરૂ કરવામાં સહાય કરે છે. જો આપણે વિવિધ ધાર્મિક અને આધ્યાત્મિક પરંપરાઓનું પરીક્ષણ કરીએ,અમે જોઈશું કે મૂળમાં બધા ધર્મો એક છે અને એક જ વસ્તુ કહે છે. તે બધા ઉચ્ચ શક્તિમાં વિશ્વાસ કરે છે જેણે બધાનું સર્જન કર્યું છે. પ્રાર્થના, ધ્યાન દ્વારા આપણે આધ્યાત્મિક જ્ઞાન,આત્મ જ્ઞાન અને ભગવાન-અનુભૂતિનો હેતુ પ્રાપ્ત કરી શકીશું.

સંત રાજીન્દર સિંહજી મહારાજ સમઝાવે છે કે ગુરુ અને રિશી મુનિઓ સમસ્ત લોકો માટે આવે છે. તેઓ એક ધાર્મિક જૂથ માટે આવતા નથી, તે બધા માટે આવે છે. બુદ્ધ ખાલી બૌદ્ધો માટે નહોતા આવ્યા. એ જ રીતે, ખ્રિસ્ત અને ગુરુ નાનક દેવજી મહારાજ એકલા ખ્રિસ્તીઓ અથવા શીખ માટે આવ્યા ન હતા. તેઓ સમગ્ર માનવજાત માટે આવ્યા હતા. જ્યારે આધ્યાત્મિક ગુરુ આ દુનિયામાં આવે છે, ત્યારે તેમનું મુખ્ય કાર્ય આપણી આત્માઓને ભગવાન પાસે પાછા લઈ જવાનું હોય છે. આપણને ભગવાન તરફ લઈ જવા ગુરુ બધું કરે છે. આ આધ્યાત્મિક ગુરુ અમારી મદદ કરવા માટે સૌથી મોટી શક્તિ ધરાવે છે. ભગવાનના પ્રેમની ચુંબકીય શક્તિ તેમના દ્વારા કાર્યરત છે. જ્યારે આત્માઓ આધ્યાત્મિક માસ્ટરના સંપર્કમાં આવે છે, તેઓ ચુંબકીય અને અસ્પષ્ટ રીતે ભગવાન તરફ દોરે છે. તેઓ એક સાથે રહેવાની ઝંખના કરે છે. દરેક સમયે આધ્યાત્મિક ગુરુ અમને અમારા સાચા ઘરે પાછા ફરવામાં સહાય કરે છે. તેઓએ અમને ઈશ્વરીય પ્રેમ ગુરુ ના સંપર્ક થી મળે છે.

આધ્યાત્મિક ગુરુ ઇચ્છે છે કે આપણે પરમાત્મારનું અનુભવ કરીએ. ભગવાન સાથે આત્માના મીલનનું અનુભવ કરીયે. તેઓ આપણી આત્માને મુક્ત કરવા માગે છે જેથી ભગવાન સાથે એક થવામાં મુશ્કેલી ના થાય. ગુરુપૂર્ણિમા ગુરુ ને આદર અને આભાર આપવા માટેનો પ્રસંગ છે.

- સંત રાજીન્દર સિંહજી મહારાજ

# ગાંધીનગરમાં પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટની નોંધપાત્ર રેસ્ક્યુ સેવા

ગાંધીનગર તા. ૨

ગાંધીનગરમાં પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ અંતર્ગત પ્રકૃતિ પ્રેમી યુવાનો દ્વારા પશુ પક્ષી તેમજ સાપ વગેરેને મુશ્કેલીના સમયે બચાવ કાર્ય કરવાની સેવા પૂરી પાડવામાં આવે છે. પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૦૧ થી ૩૦ જુન દરમ્યાન ગાંધીનગરમાં અબોલ જીવ જેવાકે પશુ, પક્ષી, સાપ બચાવાની કામગીરી અંતર્ગત ૨૩ કબૂતર, ૧ બગલો, ૧ કંસારો, ૩ પોપટ, ૧ ટીંટોડી, ૨ કાબર, ૧ વન લેલુંડું, ૮ હંસ ૬ હોલા, ૧ ચિબરી, ૨ કાગડા, ૧ આઈબીસ, ૧ હરિયલ, ૧ ખિસકોલી, ૪ રખડતા શ્વાન (કુતરા) અને ૧૯ સાપને બચાવવાની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી અંતર્ગત સારવાર દરમિયાન ૯ કબૂતર, ૧ બગલો, ૧ કંસારો અને ૧ ટીંટોડીનું કમનસીબે મૃત્યુ થયું હતું. પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટની આ સેવાકીય પ્રવૃતિમાં ૧૧ સ્વયંમ સેવકો (વોરિયર્સ ) એ સેવા આપી હતી જેમાં વિશાલ દરજી, વિવેક પરમાર, અમિત ગોંડ, તેજસ ગામીત, ધ્રુવ પ્રજાપતિ, સાગર સોની, રાહુલ પટેલ, દીપ ચૌધરી, સોનુ યાદવ, ડૉ સ્નેહલ પ્રજાપતિ અને માલવ પટેલનો સમાવેશ થાય છે.

**કોઇપણ અબોલ જીવોને બચાવવા કોલ કરો**

ગાંધીનગર શહેરમાં ઘાયલ પશુ, પક્ષી દેખાય તો પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના નંબર પર કોલ કરીને નાગરિકો જાણ કરી શકે છે. આ સેવા નિઃશુલ્ક છે.

તેજસ ગામિત : ૬૩૫૧૯ ૩૧૮૯૮
વિવેક પરમાર : ૯૮૯૮૮ ૨૫૬૨૧
વિશાલ દરજી : ૭૪૯૦૦ ૭૮૫૧૬





## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે

# ઇ.સી.એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા એકેડેમિક એક્સેલેન્સ એવોર્ડ ૨૦૧૯-૨૦ યોજાયો

વલ્લભવિદ્યાનગર, તા. ૨

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા ઓનલાઇન ડિજિટલ પ્લેટફોર્મ ના માધ્યમ થી એકેડેમિક એક્સેલેન્સ એવોર્ડ ૨૦૧૯-૨૦ યોજાયો.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલ,ડૉ.ભાર્ગવ ગોરડિયા( હેડ,ઈસી એન્જી ),ઈસી એલ્યુમની મેમ્બર્સ સંકેત રાઠોડ,ભાર્ગવ રાવત ,ભૌતિક રામોલીયા,પ્રતીક વાસવાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે ઈસી એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ તથા વિદ્યાર્થીઓ ને તેમની એચીવમેન્ટસ બદલ અભિનંદન પાઠવ્યા હતા તથા જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષ થી ઈસી એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓ ને તેમની એકેડેમિક ,સ્પોર્ટ્સ, કલચરલ એક્ટિવિટીમાં જે સિદ્ધિઓ મેળવી હોય તેને એપ્રિસિએટ તથા ઓનર કરવા માટે એકેડેમિક એક્સેલન્સ એવોર્ડ્સ નું આયોજન થાય છે જે પ્રશંશનીય છે.આ ઉપરાંત COVID-19 પેંડેમીક માં પણ બીવીએમ ના ઈસી એન્જનિયરિંગ બ્રાન્ચ ના વિદ્યાર્થીઓ એ ઓટોમેટિક બોડી સેનિટાઈઝર મશીન,ફેસ શિલ્ડ,ઓટોમેટિક હેન્ડ સેનિટાઈઝર મશીન,એ.આઈ રોબોટ,જીપીએસ બેઝડ એન્ડ્રોઈડ એપ ડિઝાઈન કરી છે જે નોંધપાત્ર છે.આ ઉપરાંત આ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ અપકમિંગ ન્યુ એરા માટે ટેકનોલોજિકલ એમ્બેસેડર એન્ડ લીડર સાબિત થાય એવી શુભેચ્છા વ્યકત કરી હતી.ઈન્ડસ્ટ્રી ૪.૦ એન્ડ 5G ટેકનોલોજીની ડિમાન્ડને ધ્યાનમાં રાખતા ઈસી એન્જનિયર્સ સિવિલ,મિકેનિકલ આઈ.ટી જેવા અનેક ફિલ્ડ્સ માં પોતાની કારકિર્દી ઘડી શકે છે.

ઈ.સી એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ ના વડા ડૉ.ભાર્ગવ ગોરડિયા એ જણાવ્યું હતું કે એકેડેમિક એક્સેલન્સ એવોર્ડનો મૂળભૂત ઉદેશ્ય ઈસી એન્જનિયરિંગ ના વિદ્યાર્થીઓ એ જેતે ક્ષેત્ર માં સિદ્ધિ મેળવી હોય તેને સન્માનિત તથા પ્રોત્સાહિત કરવાનો છે.આઉટકમ બેઝડ એજ્યુકેશન તથા ઈન્ડસ્ટ્રી રેડી ગ્રેજ્યુએટ્સ તૈયાર કરવા માટે ઈસી એન્જનિયરિંગ વિભાગના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ સત્તત પ્રયત્નશીલ છે.ઉપરોક્ત એકેડેમિક એક્સેલન્સ એવોર્ડ્સ માં બેસ્ટ એકેડેમિક પરફોર્મન્સ,મોસ્ટ પંક્ચુઅલ એન્ડ રેગ્યુલર સ્ટુડન્ટ,બેસ્ટ લીડરશીપ ,કો-સ્કોલિસ્ટિક એક્સેલેન્સ કમ્પ્લીટ મેન એન્ડ વુમન ઓફ ઈસી ડિપાર્ટમેન્ટ, best ઈમ્પ્રુવમેન્ટ ઈન એકેડમીક પરફોર્મન્સ, સ્પોર્ટ્સ, કલચરલ, સુપર સ્ટાર રિસર્ચર, સ્ટાર ઈનોવેટર જેવી અલગ અલગ કેટેગરી માં ૬૦ થી વધુ વિદ્યાર્થીઓ ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

ઈ.સી એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ ના એલ્યુમની સંકેત રાઠોડ(આંત્રપ્રેન્યોર ) તથા પ્રતીક વાસવાણી (કેપ જેમિની) એ વિદ્યાર્થીઓ ની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.




# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચાર ગામોમાં વિવિધ વસ્તુનું વિતરણ






૩૦મી જુનના શુભ દિને શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શોભાયડા, શુનોક, ગડાદર તથા ખારી મુકામે કુલ ૯૬ લાભાર્થીઓને ૩ કિ.ગ્રા. ચોખા ઉપરાંત નાસ્તાના પેકેટ, ચપ્પલ, તાડપત્રી, અને દૂધી તથા ગલફાના બિયારણનું વિતરણ કરવામાં આવ્યું હતું. વરસાદમાં પણ સંખ્યા આવી હતી.

ભિલોડા તાલુકામાં કરેલ આ સેવાકાર્યમાં અમૃત પ્રજાપતિ, મહર્ષિ, યોગેશ તથા મિલિન્દભાઈ હતા. નાસ્તો તુષાર બારોટ તરફથી હતો.

# વિષાદના ભાવને અવનવી મુદ્રા સહિત પ્રસ્તુત ગુલમ્હોરી મૌસમની ગઝલો




પુષ્પ પ્રકૃતિની અનુપમ ભેટ છે. રુપ, રંગ, ગંધ અને આકારથી સર્વપ્રિય બનેલાં પુષ્પોને ખીલવવાની મૌસમ એટલે વસંત. એ પુષ્પોને સૂર્યએ પોતાના કિરણોની કોમલ કરાંગુલિથી નાજૂક સ્પર્શે ચેતન બક્ષ્યું. દઝાડતા તાપમાં સૂર્યની સામે જોવાની ક્ષમતા ન હોય તેવા તાપના સંતાપમાં લાલ ચટ્ટક એક ફુલ ખીલને સૂર્ય સામે હસવા લાગ્યું. એ પુષ્પે કહ્યું હું છું ગુલમહોર વિપરીત કાળમાં જ ખીલવાનો મારો સ્વભાવ છે. અહીં મારે 'ગુલમહોરની મોસમ' ના એવાં જ ગઝલગુલોના સંચયની વાત કરવી છે.

'ગુલમોરની મૌસમ' કવિ વિરંચિત ત્રિવેદીનો ગઝલ સંગ્રહ છે. જેનું આમુખ પ્રો. હર્ષદ ત્રિવેદી 'પ્રાસન્નેય' દ્વારા ખુબ જ વિગતવાર અને ઝીણવટભર્યું લખવામાં આવ્યું છે. તો વિરંચિ ત્રિવેદીની 'ગુલમહોરની મૌસમ' નું વિબંગાવલોકન કુમાર જૈમિની શાસ્ત્રી દ્વારા કરાયુંછે. ગઝલને વરેલા સર્જક ડૉ. રશીદ મીર, અને ગુલામ અબ્બાસ 'નાશાદ' ને આ સંગ્રહ અર્પણ કરવામાં આવ્યો છે. 'વૈશાખી ફુલ છું. હું ગુલમોર છું.' કહીને કવિએ પોતાની કૈફિયત આપી છે. આ સંગ્રહમાં ૧૦૦ ગઝલો આપણને મળે છે. 'ગુલમોરની મૌસમ' ની ગઝલોમાં કેન્દ્રવર્તી વિષય એક જ હોવા છતાં પ્રત્યેક શેરમાં તેની અભિવ્યક્તિ અલગ અલગ મળે છે. એવી ગઝલમાં સર્જક વિષયનો વ્યાપ જુદી જુદી દિશામાં વિકસાવે છે. આ સંચયની ગઝલોમાં વિષયનો વિસ્તાર પણ વૈવિધ્યસભર છે. વિષય સાથે ભાવ અનુસાર અનુભૂતિ પણ બદલાતી રહે છે. ગઝલની કાવ્યબાનીમાં પ્રવાહિતા પણ એકધારી ટકી રહેતી જોવા મળે છે. શેરમાં પંક્તિનો પદબંધ રસાવદ બની રહે છે. અને કોઈ પણ વિષય, ક્ષેત્ર કે સંવેદના કાવ્ય સર્જન માટે સર્જક માટે સહજ બની રહે છે. જેમ કે -

'શૂળ વાગ્યા છે મને ગફલત થતાં,
રક્તબિંદુ ટેરવે ચૂસ્યા કરું છું.'



**પુસ્તક પરિચય**

**નટવર હેડાઉ**

vanvihari@gmail.com

એવી દ્દષ્ટાંતરુપ કેટલીક ગઝલોમાં 'હું'ની અભિવ્યક્તિ પણ મળે છે. અને વાત સામા પાત્રને ઉદ્દેશીને કહેવાઈ છે. છતાં અનુભૂતિ તો પોતાની જ છે. કયાંક કવિ પોતાને સંબોધતા હોય એવી અભિવ્યક્તિ પણ મળે છે. જેમ કે -

'જાત સાથે મારે મળવાનું થયું,
ખોટેખોટું મારે હસવાનં થયું.'

● ● ●

થાકથી તૂટી રહ્યો છું મન સહિત
કોઈ તો આપે નવું એક બળ મને.

'ગુલમહોરની મૌસમ' સંચયની ગઝલોમાં વિશેષ અર્થ - વૈવિધ્યમાં મળતા પૌરાણિક, સાહિત્યિક પાત્રોનાં સંદર્ભોમાં દંભી વ્યવહાર, કપટ, વર્તણૂકથી વિરોધી વ્યક્તિત્વ, રીતિનીતિના ભેદના સંકેત મળે છે. જેમ કે -

'શકુનિ જેમ વર્તે છે. છૂંપા વ્યવહારમાં કાયમ,
અને જાહેરમાં એ થઈ ફરે, અલ્લારખાં લોકો.'

● ● ●

કયાં કિંમત આંસુઓની થાય છે.
હોય જ રૂદ્રાક્ષ તો પૂજાય છે.

કવિ વિરંચિ ત્રિવેદીની ગઝલોમાં ગ્રામ જીવનનાં સ્મરણો અને શબ્દચિત્રો મળે છે અને પ્રાકૃતિક સૌંદર્યનું વૈવિધ્ય ધ્યાન ખેંચે છે. જેમ કે -

'માટીનો ઓટલો ને એ વડનો છાંયડો,
ઘર જયાં નવું બન્યું પછી આંગણ જતું રહ્યું.'

● ● ●

તારલાઓ રાતે ધીમું ધીમું ટમટમતા હતા,
જિંદગીના એ દિવસસાચે જ મનગમતા હતા.


જો કે કવિની ગઝલોનો પ્રધાન સૂર વિષાદ યોગ છે. કવિએ તેમના સ્થાયી ભાવ વિષાદનો વિધવિધ પ્રકારે અવનવીન મુદ્રા સહિત પ્રસ્તુત કર્યા છે. કવિનો આ બીજો ગઝલ સંગ્રહ છે. આ પહેલા તેમનો 'આંસુનો તરજૂમો' નામે ગઝલ સંગ્રહ પ્રગટ થયો છે. તે ઉપરાંત 'અર્વાચીન ગુજરાતી શોકોર્તિકવિતા' નામે વિશદ સંશોધન પ્રગટ થયું છે. ગુલમોરની મૌસમના આ કવિને અભિનંદન પાઠવું છું. તેમજ તેમના ગઝલ સંગ્રહને આવકારું છું.

**ગુલમોરની મૌસમ (ગઝલ સંગ્રહ)**
**લેખક - વિરંચિ ત્રિવેદી**
**પ્રકાશક - રન્નાદે પ્રકાશન અમદાવાદ.**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯**
**કિંમત રૂા. ૧૩૫/-**

# ડિગ્રી એન્જિ.ની પ્રવેશ પ્રક્રિયા માટે ૯ જુલાઈથી ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ

ગાંધીનગર, તા. ૨

ધોરણ ૧૨ સાયન્સનું રિઝલ્ટ આવ્યાને ઘણા દિવસો વિતિ ગયા છે, ત્યારે ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ પ્રક્રિયા ટૂંક સમયમાં શરુ થશે. રાજ્યની વિવિધ એન્જિ. કોલેજોની ૬૬ હજારથી પણ વધુ બેઠકો માટે ૯ જુલાઈથી ઓનલાઈન રજિસ્ટ્રેશન શરુ થશે, જે ૮ ઓગસ્ટ સુધી ચાલશે. સમગ્ર એડમિશન પ્રક્રિયા ઓનલાઈન રહેશે અને જરુર પડ્યે એડમિશન કમિટિ દ્વારા નક્કી કરાયેલા સાયબર સ્પેસ સેન્ટર પર પણ સ્ટૂડન્ટ રજિસ્ટ્રેશન કરાવી શકશે. એડમિશન માટે સૌ પહેલા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ લાગતા-વળગતા ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવાના રહેશે. એડમિશન માટે ૩૦૦ રુપિયા ફી પણ ઓનલાઈન ભરવાની છે.



ઝંખના પટેલ

# જન્મદિને વધામણી



ઉર્મિલા નિકુંજ વૈશ્યક
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



ડો. અતુલ એચ પંડ્યા
મો. ૯૪૨૭૦ ૨૬૭૬૪




મધુબેન પ્રજાપતિ
લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર



નિશાંત જિતેન્દ્રભાઈ શર્મા
મો. ૯૧૭૩૧ ૭૫૧૬૧



રંજનબેન જે શ્રીમાળી
મો. ૯૪૨૭૬ ૨૦૭૨૩



ઈન્દ્રજિતસિંહ જાડેજા



તન્મય પટેલ



ધૃમિલ સુખડિયા



હર્ષ વિનોદ ઉદેચા



અક્ષરાજસિંહ વાઘેલા
મો. ૬૩૫૨૬ ૩૫૯૦૧



અમ્માન કુરેશી
મો. ૯૭૨૬૬ ૯૪૧૮૧



અદિતી મનોજકુમાર તપોધન
મો. ૯૭૩૭૦ ૨૦૭૭૨